# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : Wednesay** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે તેમના સંસદીય વિસ્તાર એવા માણસા, કલોલમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે

2) ઉત્તરાયણના પર્વની શાંતિપૂર્ણ, આનંદ , ઉલ્લાસ અને હર્ષોલ્લાસ સાથે પતંગ રસિયાઓએ ઉંધિયા જલેબીની જયાફત સાથે ઉજવણી કરી

3) પતંગની દોરી વાગવાને કારણે મહેસાણામાં બે સહિત રાજ્યભરમાં ચાર લોકોના મોત

4) બેટ દ્વારકા અને ઓખામાં સતત ચોથા દિવસે પણ તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી યથાવત..

5) મહિલા ક્રિકેટમાં, રાજકોટમાં આજે આર્યલેન્ડ સામે ત્રીજી અ છેલ્લી વન ડે રમાશે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Amit shah visit

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ  ત્રણ દિવસની રાજ્યની મુલાકાતે છે. ત્યારે આજે તેઓ તેમના મત વિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે .. માણસા, કલોલ અને ધૂમા ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

આજે તેઓ માણસા સર્કિટ હાઉસ, ગોલથરા ખાતે સગર્ભાઓને લાડુનું વિતરણ કરશે, કલોલના નારદીપુરમાં રામજીમંદિરમાં સાધનોનું વિતરણ કરશે..કલોલ-સાણંદ રોડનું ખાતમુહુર્ત કરસે તેમજ સઇજ ખાતેના ઓવરબ્રિજ સહિતના વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે

જ્યારે 16મી જાન્યુઆરીના રોજ તેઓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લાના પ્રવાસે જશે.. જ્યાં તેઓ  અનંત અનાદિ વડનગર કાર્યક્રમ અંતર્ગત વડનગર ખાતે ૨૯૮ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ, ૭૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ પ્રેરણા સંકુલ અને ૩૩ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા  વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરશે.

તેમજ વડનગર ખાતે હેરીટેજ પ્રિન્સિંક્ડ ડેવલોપમેન્ટ સ્કીમ-ફસાડ,  અર્બન રોડ ડેવલોપમેન્ટ તેમજ બ્યુટીફિકેશનના કાર્યોનું અવલોકન અને મુલાકાત પણ કરવાના છે.  તેઓ હાટકેશ્વર મંદિરની મુલાકાત લઈને પૂજા અર્ચના કરશે. તેમજ પ્રેરણા સંકુલના વિદ્યાર્થીઓને મળશે.

# UTTARAYAN UJAVANI

રાજ્યમાં ગઇકાલે પંતગોત્સવની શાંતિપૂર્ણ રીતે અને આનંદ અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી.. પતંગ ચગાવવાને લાયક પવન હોવાને કારણે ઉત્તરાયણની સપરિવાર ધાબાઓ અને અગાસીઓ ઉપર ઉજવણી કરી હતી.

સવારથી જ રાજ્યભરનું અવકાશ રંગબેરંગી પતંગોથી મેઘધનુષી રંગે રંગાઇ ગયું હતું.. પતંગબાજોની આનંદ અને ઉત્સાહની ચિચિયારીઓ સાથે વાતાવરણ સવારથી લઇને સાંજ સુધી ગાજતુ રહ્યું હતું.. દિવસ દરમિયાન સંગીતના તાલે અને ગરબાની રમઝટ સાથે લોકોએ પતંગોત્સવની ઉજવણી કરી હતી.

ઉધિયું ,જલેબી, બોર , શેરડી અને ચિક્કીની જયાફત પણ પતંગ રસિયાઓએ ધાબા અને અગાસીઓ પર જ માણી હતી..

લોકોએ ગાયને ધુઘરી , લીલી ઘાસ નીરીને પુણ્યકાર્ય કર્યું હતું. ગરીબોને અન્નદાન અને વસ્ત્રદાન કરવામાં આવ્યું હતું..તેમજ સવારથી જ મંદિરોમાં પણ પૂજા અર્ચના કરવામાં આવી હતી..

મોડીરાત સુધી આ ઉજવણી ચાલી હતી.

# Child Kite

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પહેલા દિવસથી જ દેશ દુનિયામાંથી પતંગ રસિકો ઉમટી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આકાશ અનોખી અને રંગબેરંગી પતંગોથી ભરાયેલું જોવા મળ્યું. સાથે જ આ પતંગ મહોત્સવમાં બાળકોએ પતંગો ઉડાવીને આનંદ માણ્યો....

**(બાળકો બાઈટ)**

# ACCIDENT

ગઇકાલના દિવસ દરમિયાન મહેસાણામાં બે અને પંચમહાલ અને સુરેન્દ્રનગરના પાટડીમાં એક વ્યક્તિ સહિત ચારના મોત થયા હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે..ઉત્તરાયણનું પર્વ ગઇકાલે હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવ્યું હતું. ચાઇનિઝ દોરીનો પ્રતિબંધ હોવા છતા પણ કેટલાંક લોકોએ તેનો ઉપયોગ કરતાં અકસ્માતના અનેક બનાવો બન્યા હતા..જેમાં ચારના મોત અને અન્ય કેટલાંક લોકો ઘાયલ થયા હતાં.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે રાહતલાવ ગામ ના પરેસભાઈ ઉત્તરાયણ ના પર્વ ને પગલે વહેલી સવારે પોતાના 5 વર્ષીય પુત્ર કુણાલ ને ફુગ્ગા અપાવવા મોટર સાયકલ પર આગળ બેસાડી પનોરમા ચોકડી પાસેથી પસાર થઈ રહયા હતા. ત્યારે અચાનક પતંગ દોરો કુણાલ ના ગળામાં ઘસાઈ જતા ગળુ ગંભીર રીતે કપાઈ જતાં મોત નીપજ્યું હતું.

જ્યારે મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે કડી અને વડનગરમાં પણ દોરી વાગવાથી બે વ્યક્તિઓના મોત થયા હોવાના અહેવાલ છે..

સુરેન્દ્રનગરના પાટડીમાં પણ પતંગની દોરીને કારણે એક વ્યક્તિનું મોત નિપજ્યું છે.

તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે વાલોડ તાલુકાના પુલ ફળિયા નજીક પતંગના દોરાનો આધેડ ભોગ બન્યા હતા જેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

આ ઉપરાંત અન્ય સ્થળો ઉપર પણ દોરી વાગવાને કારણે ઇજા થયા હોઇ એવી ઘટનાઓ ઘટી હતી.

# VIP PATANGOTSAV

સમગ્ર રાજ્યમાં ઉત્તરાયણનું પર્વ હર્ષોલ્લાસ સાથે મનાવાયું હતું ત્યારે રાજકિય નેતાઓએ પણ કાર્યકર્તાઓ અને પરિવારજનો સાથે તેની ઉજવણી કરી હતી..

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મેમનગરમાં પરિવાર સાથે પતંગોત્સવ મનાવ્યો હતો જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રીએ સાબરમતીમાં પણ ધારાસભ્ય સાથે પતંગની મજા માણી હતી

ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં પતંગ ઉડાવીને ઉત્તરાયણની ઉજવણી કરી હતી..મોટી સખ્યામા કાર્યકરો અને પરિવારજનો સાથે તેમણે આ ઉજવણી કરી હતી.

અરવલ્લીમાં મોડાસા ખાતે રાજયકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારે પતંગ ચગાવ્યો હતો.. મોડાસા શહેર ભાજપના હોદ્દેદારો સાથે મંત્રીએ ઉત્તરાયણના પર્વની ઉજવણી કરી હતી.. ભીખુસિંહ પરમારે પતંગ ચગાવતા બાળપણના સ્મરણો યાદ કર્યા હતા.

બીજી તરફ પૂર્વ મંત્રી અને ઇફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ પુરા પરિવાર સાથે અમરેલી પોતાના નિવાસસ્થાને પતંગ ઉડાડીને પતંગોત્સવનો આનંદ માણ્યો હતો..જ્યારે ધારાસભ્યો જેવી કાકડિયા મહેશ કસવાલા જનક તળાવીયા તેમજ કૌશિક વેકરીયા એ પોતાના પરિવાર સાથે અમરેલી માં પતંગ ઉડાડી હતી ..

આ ઉપરાંત પોરબંદરના ધારાસભ્ય અર્જૂન મોઢવાડિયાએ પણ પોરબંદરમાં ઉત્તરાયણની પરિવાર અને અગ્રણીઓ સાથે મઝા માણી હતી..

# Unghyu

ઉતરાયણના દિવસે ઉંધિયું ખાવાની પરંપરા છે.  ઉંધીયુ 150 થી 200 રૂપીયા કિલો વેચાતું હતુ. અંબાજીમાં ઉંધીયાના 12થી વધુ સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. જ્યાં 5 થી 7 હજાર કીલો ઉંધીયાની સાથે જલેબી અને ફાફડા વેચાયા હતા.

## (બાઈટ ... દિલીપ જોષી (ઉંધીયાના વેપારી )

# pakshi oni sarvar

નાના ભૂલકાઓથી લઈ સૌ કોઈ પંતગ રસીયાઓ આજે વાસી ઉત્તરાયણની મોજ માણી રહ્યા છે.ગઈકાલે ઉત્તરાયણના દિવસે અબાલવૃદ્ધ સહિત દરેક વ્યક્તિએ પતંગ ચગાવીને મોજ માણી હતી. પરંતુ આ તહેવારની મજા અબોલ પશુ-પક્ષીઓ માટે સજા બની જાય છે. ત્યારે પતંગની દોરીથી ઘણા પક્ષીઓ ઘાયલ થયા છે. જેમની સારવાર માટે વહેલી સવારથી જ ઉત્તરાયણના દિવસો દરમિયાન રેસ્ક્યૂ કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. અનેક સામાજિક સંસ્થાઓએ ઉત્તરાયણ દરમિયાન ઘાયલ થયેલા પશુ પક્ષીઓના જીવ બચાવવાનું કાર્ય કર્યું છે. મહિસાગર જિલ્લામાં દોરીના કારણે ઈજાગ્રસ્ત થયેલ 80થી વધુ પક્ષીઓને સારવાર આપવામાં આવી.

સુરેન્દ્રનગર જિલ્લામાં પક્ષીઓની સુરક્ષા માટે કરુણા અભિયાન-૨૦૨૫ શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ઘાયલ પક્ષીઓની સારવાર માટે

જિલ્લામાં વિશેષ કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે. જે અંતર્ગત સારવાર કેન્દ્રોની નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ મુલાકાત લીધી હતી..અત્યાર સુધીમાં 12 જેટલા પક્ષીને સારવાર આપવામા આવી હતી જયારે એક પક્ષીનું ઘટના સ્થળે મૃત્ય થયું હતું. ફોરેસ્ટ વિભાગના આરએફઓ મનુભાઈ મેર વધુ માહિતી આપી રહ્યા છે

**(બાઈટ- મનુભાઈ મેર- આર એફો ફોરેસ્ટ વિભાગ વઢવાણ)**

# SAVE BIRD IN UTTRAYAN

ઉત્તરાયણના દિવસો દરમિયાન અનેક અબોલજીવો ઘાયલ થતા હોય છે અનેક કોઈક સંજોગો વસાત મૃત્યુ પણ પામતા હોય છે. ત્યારે અનેક સામાજીક સંસ્થાઓ અબોલ જીવોને બચાવી રહી છે.  ત્યારે મહેસાણાના રાજ્યસભાના સાંસદ મયંક નાયકે પક્ષીઓને દોરીથી બચાવવા માટે અભિયાન શરૂ કર્યું છે. જે અંતર્ગત પક્ષીઓને દોરીથી બચાવવા માટે દોરીના ગુંચડા 100 રૂપિયા કિલોગ્રામ પ્રમાણે ખરીદીને નાશ કરાશે....વધુમાં સાંસદ મયંક નાયક જણાવી રહ્યા છે કે.....

(બાઈટ- મયંક નાયક)

# OKHA DEMOLATION DAY 4

બેટ દ્વારકામાં મેગા ડીમોલેશન સતત ચોથા દિવસે પણ ચાલુ રાખવામાં આવ્યું હતું. ત્યારે ઓખા નજીક આવેલા અનઅધિકૃત દબાણોને દૂર કરવાની

કામગીરી હાથ ધરાઈ હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ સ્ટાફ તથા દ્વારકા વહીવટી તંત્રએ ગઈકાલે સવાર થીજ બેટ દ્વારકાના બાલાપર વિસ્તારની સાથે સાથે ઓખા ડાલડા બંદર ખાતે પણ ડીમોલેશન હાથ ધર્યું હતું. દામજી જેટી ખાતે સરકારી જમીન પર 5650 સ્કવેર મીટર પરના 40 વર્ષ જૂના અનઅધિકૃત દબાણને દૂર કરાયા હતા. મેગા ડીમોલેશનને લઈને દ્વારકાના SDM અમોલ આવતેની પ્રતિક્રિયા સાંભળીએ.

# CRICKET-WOMEN ODI

મહિલા ક્રિકેટમાં ભારત અને આયર્લેન્ડ વચ્ચે ત્રણ મેચોની એકદિવસીય શ્રેણીની અંતિમ મેચ આજે ગુજરાતના રાજકોટમાં રમાશે. મેચ સવારે ૧૧ વાગ્યે શરૂ થશે. ભારતે પહેલી બે મેચ જીતીને શ્રેણી જીતી લીધી છે.

ભારતે પહેલી મેચ છ વિકેટથી જીતી હતી. બીજી મેચમાં, ભારતીય ટીમે 5 વિકેટે 370 રન બનાવ્યા, જે એકદિવસીય મેચોમાં તેનો અત્યાર સુધીનો સૌથી વધુ સ્કોર છે. જવાબમાં, આયર્લેન્ડ 7 વિકેટે 254 રનમાં ઓલઆઉટ થઈ ગયું.